# તલોદના જવાનપુરા નજીકથી એસઓજીએ દેશી બંદુક સાથે રાહદારીને ઝડપી લીધો

હિંમતનગર, તા.૨૪

સાબરકાંઠા જીલ્લાના તલોદ તાલુકાના જવાનપુરા ગામની સીમમાંથી એસઓજી શુક્રવારે સવારે પેટ્રોલિંગ દરમિયાન વગર લાયસન્સ ની બંદુક સાથે એકની અટકાયત કરી તલોદ પોલીસ મથકે આર્મ્સ એક્ટ હેઠળ ગુનો નોધી વધુ તપાસ હાથ ધરી હતી .

આ અંગેની વિગત એવી છે કે એસઓજી શાખાના પીઆઈ બી. એલ. દેસાઈ મળેલ બાતમી આધારે પીએસઆઈ એમ. એમ. સોલંકી સ્ટાફના ભાવેશકુમાર, ધર્મેન્દ્રસિંહ, યુનુસભાઈ, રજુસિંહ, રણછોડભાઈ શુક્રવારે વહેલી સવારે પેટ્રોલીંગમાં હતા દરમિયાન મળેલ બાતમી આધારે જવાનપુરા ગામ નજીક થી પસાર થતા સમયે રોડ પર દેશી બનાવટની બંદુક સાથે એક ઈસમ જઈ રહ્યો હતો ત્યારે પોલીસે તેને રોકી તેની પૂછપરછ કરી હતી અને તેની પાસેની બંદુકનું લાયસન્સ પણ નહોતું જેથી પોલીસે દેશી બનાવટની બંદુક રૂ ૨૦૦૦ હજારની સાથે મૂળ રહેવાસી મહેસાણા જીલ્લાના વિજાપુરમાં આવેલ રેલ્વે ફાટક પાસેના છાપરામાં રહેતા અલારખભાઈ સાલેમહમદ સિંધી (ડફેર) ઝડપી લઈ તેના વિરુદ્ધ તલોદ પોલીસ આર્મ્સ એક્ટ હેઠળ ગુનો નોધી વધુ તપાસ હાથ ધરી હતી.

# મોડાસાના નવજીવન ચોકમાં ભુગર્ભ ગટરનું કામકાજ મંથરગતિએ

મોડાસા, તા. ૨૪

અરવલ્લી જિલ્લાના મોડાસા શહેરમાં મોડાસા નગરપાલિકા દ્વારા કડિયાવાડા રોડ અને નવજીવન ચોકમાં ભુગર્ભ ગટરનું કામકાજ શરૂ કરવામાં આવ્યું છે. જેમાં કડીયાવાડા રોડનું કામ પૂર્ણ કરવામાં આવ્યું છે. પરંતુ નવજીવન ચોકમાં ભુગર્ભ ગટરના કામને બે મહિના જેટલો સમય વીતી ગયો હોવા છતાં હજુ કોઈજ ઠેકાણા ન પડતાં નવજીવન ચોકમાં આવેલા કોમ્પલેક્ષ અને દુકાનદારોને લગ્નસરાની સીઝનમાં ગ્રાહકોથી વંચિત રહેવાના દિવસો આવ્યા છે.

મોડાસા શહેરની નવજીવન ચોકમાં ભુગર્ભ ગટર માટે ખોદવામાં આવેલા મોટા મોટા ખાડાઓ જોખમી અને ભયજનક લાગી રહ્યા છે. નવજીવન ચોકમાં આવેલા કોમ્પલેક્ષ અને દુકાનદારોને ત્યાં ખરીદી કરવા આવતા ગ્રાહકો મોતના મુખમાંથી પસાર થતા હોય તેમ મોટા ખાડાઓની કિનારીએ-કિનારીઓ પોતાના જોખમે ખૂબજ સાવચેતીપૂર્વક મુશ્કેલીઓનો સામનો કરતા ખરીદી કરવા જતા હોય છે. જ્યારે મોતના ખાડાઓથી ગભરાઈને મોટાભાગના ગ્રાહકો કે લગ્નસીઝનમાં ધૂમ ખરીદી કરતાં પરિવારો નવજીવનચોકમાં ખરીદી કરવાનુ ટાળી રહ્યા હોવાથી લગ્નસરાની સીઝન હોવા છતાં દુકાનદારોની હાલત કફોડી બની ગઈ છે. તેમજ નવજીવન ચોકની અવરજવર કરવા માટે ઉપયોગ કરતા ભાવસાર વાડા, રબારીવાસ, કડીયાવાડા, સુથારવાડા સહિતના નગરજનો માટે આ માર્ગ પરથી અવર જવર બંધ થઈ જતાં બસસ્ટેન્ડ જવા માટે વાહનચાલોકને ૨ કિલોમીટરનો ધરમધક્કો ખાવો પડતો હોવાથી અને રહીશોની અવરજવરમાં મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. જ્યારે નવજીવન ચોકમાં ઉભા રહેલા શાકભાજીની લારીઓ વાળા ફેરીયાઓએ ખાડાની બાજુમાં પડેલા ઢગલાની આજુબાજુ અડીંગો જમાવી દેતા મોડાસા-હિંમતનગર મુખ્ય માર્ગ પર વારંવાર ટ્રાફિક જામના દશ્યો સર્જાય છે.


(તસવીર : જય અમીન, મોડાસા)

મોટા ખાડાઓથી નવજીવન ચોકમાં દુકાનધારકોને ગ્રાહક ન મળતા હોવાથી અને લગ્નસરાની સીઝનમાં દુકાનોમાં માલ વધારે ભર્યો હોવાથી દુકાનદારોને આર્થીક નુકશાની ભોગવવાના દિવસો આવ્યા છે. જેથી મોડાસા નગરપાલિકાના ચીફ ઓફિસર અને સત્તાધીશો દ્વારા ભુગર્ભ ગટર યોજનાનું કામકાજ તાત્કાલિક પૂર્ણ કરવામાં આવે તે ખુબ જ જરૂરી છે. અને જો કોન્ટ્રાકટર દ્વારા કામકાજમાં વિલંબ કરવામાં આવતો હોય તો તેને નોટીસ ફટકારી સત્વરે કામકાજ પૂર્ણ થાય તેવું પ્રજાજનો ઈચ્છી રહ્યા છે.

# ભિલોડામાં કૃષિ મહોત્સવ કાર્યક્રમનો શુભારંભ

ભિલોડા,તા.૨૩

અરવલ્લી જીલ્લાના ભિલોડા ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતી પટ્ટાંગણમાં કૃષિ મહોત્સવ-૨૦૧૫ કાર્યક્રમનો શુભારંભ યોજાયો હતો. કૃષિ મહોત્સવ શુભારંભ કાર્યક્રમ પ્રસંગે ખેતીવિષયક સ્ટોલ ઉપર ખેડુતોએ યોગ્ય માર્ગદર્શન મેળવી વિવિધ સ્ટોલો નિહાળ્યા હતા.



તસ્વીર : જીત ત્રિવેદી, ભિલોડા

આ પ્રસંગે ડૉ.અનિલભાઈ જોષીયારા ભિલોડા ધારાસભ્ય, જેસીંગભાઈ પટેલ સાબરડેરી ડિરેક્ટર હિંમતનગર, હિતેન્દ્રસિંહ સિસોદીયા ચેરમેન ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતી ભિલોડા, નીલાબેન મડીયા, અમરતલાલ બરંડા, ગજાનંદભાઈ પ્રજાપતી, કાંતીલાલ પટેલ, શામળદાસ પટેલ, ગુણવંતભાઈ ત્રિવેદી, રાજેશભાઈ નિનામા, નાનજીભાઈ કલાસવા, નરસિંહભાઈ પટેલ, ધવલભાઈ ચૌધરી, ખેડુતો, પશુપાલકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

ભિલોડામાં કૃષિ મહોત્સવ-૨૦૧૫ ના શુભારંભ કાર્યક્રમ પ્રસંગે કૃષિ તજજ્ઞોએ પ્રાસંગિક પ્રવચનમાં જણાવ્યું હતું કે ખેડુતોને આધુનિક ખેતી તરફ વળવા માટે યોગ્ય માર્ગદર્શન આપવામાં આવેલ હતું. ખેડુતોને સજીવ ખેતી તરફ વળવા હાકલ કરાઈ હતી. કેમીકલ્સવાળા રાસાયણિક ખાતરોનો ઉપયોગ ના કરવો પડે તે હેતુસર સજીવ ખેતી તરફ ખેડુતોએ વળવું જોઈએ. પ્રયોગશાળાઓમાં થયેલ કૃષિ અંગેના સંશોધનો ખેડુતો સુધી પહોંચાડવા કૃષિ મહોત્સવના માધ્યમથી ખેડુતોને સાચુ માર્ગદર્શન આપવાનો અભિગમ દાખવવામાં આવે છે. ખેડુતોએ સંપુર્ણપણે લાભ લેવા અનુરોધ કરાયો હતો. ભિલોડા મામલતદાર એ.કે.જોષી, ભિલોડા ટી.ડી.ઓ. બી. ડી. સોલંકી, ગ્રામસેવક નરસિંહભાઈ પટેલ, ધવલભાઈ ચૌધરી સહિત વહીવટી તંત્રના અધિકારીઓ,ખેડુતો, પશુપાલકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# મોડાસામાં વિશ્વ પુસ્તક દિનની ઉજવણી

મોડાસા, તા. ૨૪

મોડાસા જેસીઆઈના મેમ્બર્સ દ્વારા વિશ્વ પુસ્તક દિનની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં મોડાસા જેસીસ મિલ્ક કમિટીના ચેરમેન નવનીતભાઈ પરીખ, સેકેટરી મુકુન્દ શાહ તથા જેસીઆઈ પ્રમુખ ડૉ. સંતોષ દેવકર ઉપસ્થિત રહ્યા હતા.

આજે ઈન્ટરનેટના યુગમાં પુસ્તકોનું મહત્વ જરાય ઓછું થયું નથી. પુસ્તકો એક સાચા મિત્રની ભૂમિકા પુરી પાડે છે. વર્તમાન યુગ સાથે તાલ મીલાવવા માટે પુસ્તકોનો જ સહારો લેવો પડે છે. તેમ પ્રમુખ ડૉ. સંતોષ દેવકરે જણાવ્યું હતું. જેસીઆઈના મંત્રી ધર્મેન્દ્ર ત્રિવેદી અને ટ્રેઝરર રવિ શાહ, ઉપપ્રમુખ અતુલ જોશી, અલ્પેશ પટેલ, ભાવેશ જયસ્વાલ, ભરત સોની, જયઅમીન વગેરે ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

ગામના શ્રેષ્ઠીઓ નિલેશ જોશી, સુરેન્દ્રભાઈ શાહ, હર્ષદભાઈ જોશી, અંકુરભાઈ ભાવસાર, કમલેશ પ્રજાપતિ, નિરવ જોશી, ડૉ. મધુસુદન વ્યાસ, વ્રજેશ પંડ્યા વગેરે મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. કાળક્રમે પુસ્તકો જુના થશે પણ તેનું મહત્વ ક્યારેય ઓછું થવાનું નથી એ નિર્વિવાદ બાબત છે. નવી પેઢીમાં પુસ્તક વાંચનની અગત્યતા કેળવવા પર ભાર મુકાયો હતો. ઈરશાદ રાજપુરા અને રવિ શાહે ભારે જહેમત ઉઠાવી હતી.

# મોડાસામાં બેંક અધિકારીના નામે એટીએમનો પીન નંબર જાણી ૪૭,૮૯૯ની ઠગાઈ

## ગઠીયાએ ફોન કરી યુ.જી.વી.સી.એલ.ના કર્મચારીનો એ.ટી.એમ.નો નંબર મેળવી લીધો હતો

મોડાસા, તા. ૨૪

ઈન્ટરનેટના યુગમાં માનવીને આબાદ રીતે છેતરીને રૂપિયા ખંખેરી લેતી ઠગ ટોળકી સક્રિય હોય છે. ત્યારે મોડાસા શહેરમાં ઉત્તર ગુજરાત વિજ કંપની લી.માં લાઈનમેન તરીકે નોકરી કરતા એક કર્મચારીને એક ગઠિયાએ વિશ્વાસમાં લઈ બેંક અધિકારીના નામે એટીએમનો ગુપ્ત કોડ જાણી ૪૭,૮૯૯ રૂ. ઉપાડી લેતાં કર્મચારી હાંફળો-ફાંફળો બની મોડાસા રૂરલ પોલીસ સ્ટેશને ફરીયાદ નોંધાવી હતી.

અરવલ્લી જિલ્લાના મોડાસા શહેરમાં આવેલી યુ.જી.વી.સી.એલ. કંપનીમાં લાઈનમેન તરીકે ફરજ બજાવતા જીવણભાઈ પનાભાઈ રાઠોડ (રહે. ખડોદા, તા. મોડાસા)નું બેંક એકાઉન્ટ મોડાસાની દેનાબેંકમાં હોવાથી રૂપિયાની લેવડ-દેવડ માટે એ.ટી.એમ. કાર્ડનો ઉપયોગ કરતા હતા. ત્યારે એક ગઠિયાએ જીવણભાઈનો ફોન નંબર મેળવી ૧૮ એપ્રિલે ફોન કરી દેના બેંકમાંથી એટીએમ અધિકારી બોલુ છુ અને તમારા એટીએમ કાર્ડનો નવો પીન નંબર આપવાનો હોવાથી જુનો પીનનંબર આપવા જણાવ્યુ હતુ. અને યેનકેન પ્રકારે આ કર્મચારીનો વિશ્વાસ કેળવી એ.ટી.એમ.નો પીન નંબર મેળવી લીધો હતો. પરંતુ આ કર્મચારીને શંકા ઉપજતાં તાત્કાલિક બેંકમાં ગયા હતા પરંતુ ૧૮ એપ્રિલ શનિવાર અને ૧૯ એપ્રિલે રવિવાર હોવાથી બેંક સત્તાવાળાને જાણ કરી શક્યા ન હતા. ત્યાર બાદ ગઈકાલે રૂપિયાની જરૂર પડતાં રૂપિયા ઉપાડવા બેંકમાં જતાં બેંક અધિકારીએ જણાવેલ કે તમારા બેંકના ખાતામાંથી ૪૭,૮૯૯ રૂ. એટીએમ દ્વારા ઉપાડેલ હોવાથી બેંક બેલેન્સ ઓછુ છે. અને તેમના ખાતામાંથી ૪૭,૮૯૯ રૂ.ની રકમ કોઈ ગઠિયાએ એ.ટી.એમ. દ્વારા ઉપાડી લીધા હોવાની જાણ થતાં કર્મચારીના હોશકોશ ઉડી ગયા હતા અને તાત્કાલિક બેંક અધિકારીને જણાવી એટીએમ કાર્ડ બંધ કરાવી દીધુ હતુ. ૪૮૦૦૦ રૂપિયાની કોઈ ગઠિયો એટીએમ દ્વારા તફડંચી કરી જતાં જીવણભાઈએ મોડાસા રૂરલ પોલીસ સ્ટેશનમાં અજાણ્યા ઈસમ દ્વારા રૂપિયાની તફડંચી કરી લેતા અજાણ્યા ઈસમ સામે ફરિયાદ નોંધાવી હતી.

# ખેડબ્રહ્મામાં ગુમાસ્તા ધારાના ભંગ બદલ ૧૦ વેપારીઓને નોટીસ

હિંમતનગર, તા.૨૪


ખેડબ્રહ્મા નગર પાલિકાના બસ સ્ટેન્ડ વિસ્તારમાં મળેલ ફરિયાદોના સંદર્ભે ઓચિંતી મુલાકાત ચીફ ઓફીસર દ્વારા લેતાં ૧૦ દુકાનોના માલિકોએ ગુમાસ્તાધારા નિયમનો ભંગ કરવાનું માલૂમ પડતા તાજેતરમાં નોંધણી પ્રમાણપત્ર રદ કરવાની નોટીસ ફટકારવામાં આવતા શહેરમાં ગુમાસ્તાધારાનો ભંગ કરનાર વેપારીઓમાં ફફડાટ ફેલાવા પામ્યો છે.

ખેડબ્રહ્મા નગરપાલિકાના ઈન્ચાર્જ ચીફ ઓફીસર અને નાયબ મામલતદાર પુરવઠા ડી.એલ. ભાટીયા શહેરના બસ સ્ટેન્ડ વિસ્તારમાં કેટલાક વેપારીઓ અઠવાડિક રજા પાડતા ન હોવાની ફરિયાદ મળી હતી. જેથી ઈન્ચાર્જ ચીફ ઓફીસર તથા સ્ટાફે ૧૩ એપ્રિલના રોજ બસ સ્ટેન્ડ વિસ્તારની દુકાનોની ઓચિંતી મુલાકાત લીધી હતી. જેમાં ચામુંડા ફૂટવેર, કૃષ્ણ હોઝીયરી સ્ટોર્સ તથા હરસિધ્ધ કિરાણા સ્ટોર્સ સહિતની ૧૦ દુકાનોના માલિકો દ્વારા ગુમાસ્તાધારા નિયમનો ભંગ કરી દુકાનો ખુલ્લી રાખી હતી. જેથી આ વેપારીઓના નોંધણી પ્રમાણપત્ર રદ કેમ ન કરવા તે અંગે સાત દિવસમાં ખુલાસો કરવાની કારણદર્શક નોટીસો ફટકારવામાં આવી હતી અને કાયદેસર પગલા ભરવાનું જણાવવામાં આવ્યુ છે.

# મોડાસાની વણઝારી વાવમાં આડેધડ બાંધકામ સામે હાઈકોર્ટમાં પી.આઈ.એલ.

મોડાસા, તા. ૨૪

અરવલ્લી જિલ્લાના મોડાસા શહેરમાં આવેલી ૧૫મી સદીની પુરાતન વણઝારી વાવની આસપાસ ૧૦૦ મીટરની ત્રીજ્યામાં પુરાતત્વ વિભાગની મંજુરી વગર નગરપાલિકા અને દુકાનદારોએ આડેધડ બાંધકામ કરી દેવામાં આવતા મોડાસાના એક પૌરાણિક ચીજોના હિતેચ્છુએ હાઈકોર્ટમાં જાહેર હિતની રીત (પબ્લીક લેટીગેશન ઈન્ટરેસ્ટ) દાખલ કરવામાં આવતાં મોડાસા શહેરમાં વણઝારી વાવની જાળવણી મુદ્દે કરવામાં આવેલી પીઆઈએલનો મુદ્દો ટોક ઓફ ધી ટાઉન બન્યો છે. જ્યારે વાવની આજુબાજુમાં આડેધડ બાંધકામ કરનારાઓમાં પેટમાં તેલ રેડાયું છે.


(તસવીર : જય અમીન, મોડાસા)

મોડાસાની પંદરમી સદીની વણઝારી વાવ પુરાતત્વ વિભાગ દ્વારા રક્ષિત જાહેર કરાયેલી છે. ત્યારે વણઝારી વાવની સર્જાયેલી અવદશા થતાં મોડાસાના એક જાગૃત નાગરિક દ્વારા હાઈકોર્ટમાં રીટ કરાઈ છે. ૧૫મી સદીની વણઝારી વાવમાં સર્જનાત્મક કલાકારોએ રચેલી કલાકૃતિઓ જોવા લાયક છે. ૧૫મી સદીના આ આરક્ષીત વાવની અવદશા અને ગંદકીથી ખદબદી ઉઠી છે. વણઝારી વાવમાં હિન્દુ સમાજના દેવી દેવતાઓની અને ન્યાય સંપ્રદાયના પ્રતિકો હોવાથી મોડાસા નગરજનોને વણઝારી વાવ પ્રત્યે અનેરો લગાવ છે. જેમાં વણઝારી વાવના મુખ્ય દરવાજા પરના સ્તંભો પર નવનાથની પ્રતિમા તેમજ અંદરની બાજુએ વિષ્ણુ ભગવાન, હનુમાનજી, રામ-સીતા, લક્ષ્મણ, જેવી બેનમૂન કલાત્મક મૂર્તિઓ આવેલી છે. છતાં વણઝારી વાવની યોગ્ય જાળવણી કરવામાં આવતી નથી તેમજ મોડાસા નગરપાલિકા દ્વારા ૧૯૬૫ ગુજરાત અધિનિયમ ક્ર.૨૫ હેઠળ રક્ષિત હોવા છતાં પુરાતન વિભાગની મંજૂરી વગર બાજપાઈ કોમ્પલેક્ષનું ગેરકાયદેસર બાંધકામ કરી દુકાનો બનાવી હરાજીથી વેચી નાખી નફો રળી લેવામાં આવ્યો છે. તેમજ વાવની આજુબાજુમાં દુકાનદારો અને બિલ્ડરોએ પુરાતત્વ વિભાગની મંજૂરી તો ઠીક ણ નગરપાલિકાની પણ મંજુરી લીધા વગર કોમ્પલેક્ષ તાણી બંધાયા છે. અને આ દુકાનદારો દ્વારા ગંદકી વણઝારી વાવમાં ઠાલવવામાં આવતાં અને યોગ્ય જાળવણી કરવામાં ન આવતાં મોડાસાના એક જાગૃતના નાગરિક દ્વારા હાઈકોર્ટમાં જાહેર હીતની રીત પીઆઈએલ દાખલ કરવામાં આવી છે.

આધારભુત સૂત્રોના જણાવ્યા અનુસાર વણઝારી વાવની આજુબાજુ નગરપાલિકા અને ખાનગી દુકાનદારો દ્વારા ઉભા કરી દેવામાં આવેલા કોમ્પલેક્ષ અને દુકાનો દૂર કરવા પુરાતત્વ વિભાગ દ્વારા વારંવાર મોડાસા નગરપાલિકાને તાકીદ કરવા છતાં મોડાસા નગરપાલિકા પુરાતત્વ વિભાગને ગળી જતુ હોય તેમ કોઈ જ યોગ્ય પગલા ના ભરતા આંખ આડા કાન કરી રહી છે.

# ડીસામાં સાત શખ્સોએ બંધ મકાનમાં સોનાના દાગીના, મોબાઈલ અને રોકડ સહિતની લૂંટ

ડીસા, તા. ૨૩

ડીસા તાલુકાના ભોયણ ગામની સીમમાં આવેલ ગુરૂ ગ્રીન સોસાયટીના મકાન નં. બી-૫૭માં ભંગાર વેચવાના બહાને સાત શખ્સોએ રૂ. ૬,૯૭,૨૦૦ના મુદ્દામાલની લૂંટ કરી ફરાર થઈ ગયા છે. જે અંગેની જાણ જિલ્લા પોલીસ વડાને કર્યા બાદ બુધવારની રાત્રે ડીસા તાલુકા પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ છે.

આ અંગેની વિગત એવી છે કે, ડીસા તાલુકાના ભોયણ ગામની સીમમાં આવેલ ગુરૂ ગ્રીન સોસાયટીના મકાન નં. બી-૫૭માં ભંગાર વેચવાના બહાને આવેલ સાત શખ્સોએ રૂ. ૬,૯૭,૨૦૦ના મુદ્દામાલની લૂંટ કરી ફરાર થઈ ગયા હોવાની ફરિયાદ ડીસા તાલુકા પોલીસમથકે નોંધાતા ચકચાર મચી જવા પામી છે. મુંબઈમાં રહેતા સાહેબરાવ વેન્કટ મોરે (ઉ.વ.૫૮) ભંગારની દલાલીનો ધંધો કરે છે. જેઓ તા. ૧૦-૩-૨૦૧૫ના રોજ વડોદરા ખાતે તેમના સાળાને ત્યાં આવ્યા હતા. જ્યાં તેમના સાળાની ગેરેજમાં અજાણ્યા બે શખ્સો સાથે ભંગાર વેચવા બાબતે ચર્ચા થઈ હતી અને સાહેબરાવ મોર મુંબઈ પરત ગયા બાદ મોબાઈલ પર ચર્ચા ચાલુ રહી હતી. બાદમાં તા. ૧૦-૪-૨૦૧૫ના રોજ સાહેબરાવને સામકયારી ભંગાર જોવા માટે બોલાવ્યા હતા. જેથી સાહેબરાવ તેમના સાળા સાથે સામખ્યારીમાં બંધ પડેલી મિલનો ભંગાર જોવા ગયા હતા. જ્યાં બંધ પડેલી મિલના ભંગારની સાથે જમીન વેચવાની વાત થતાં આ શખ્સો પાસે કંપનીના કાગળો બતાવવાની વાત કરતા તેમણે બળવંતજી છગનજી ઠાકોરનો મોબાઈલ નં. ૦૮૧૫૫૦૯૦૫૩૨ આપી તેમની સાથે સંપર્કમાં રહેવા જણાવ્યું હતું.

જ્યારે બીજા દિવેસ બળવંતજી ઠાકોરનો ફોન આવ્યો હતો અને કંપનીના કાગળો તેમજ બેન્ક મેનેજર સાથે વાતચીત કરવા માટે રૂબરૂ ડીસા બોલાવ્યા હતા. જેથી સાહેબરાવ અને ભંગારનો વેપાર કરતાં તેમના ચાર મિત્રો જયેશભાઈ રસીકભાઈ નંદવાણા, પ્રકાશ નરસિંહભાઈ નંદવાણા, હેમન્તભાઈ રાજકુમાર ગાંધી અને ગોરધનભાઈ જાદવભાઈ વાદી ડીસા આવી પહોંચ્યા હતા. અને હોટલમાં એક નાઈટ રોકાયા બાદ બીજા દિવસે સવારે ૧૧ વાગે અલ્ટો ગાડી જીજે-૧એચપી-૬૬૩૭ લઈને બે વ્યક્તિઓએ બેન્ક મેનેજરના ઘરે જઈને મિટીંગ કરવાનું જણાવ્યું હતું. જેથી આ પાંચેય વેપારીઓ ગુરૂ ગ્રીન સોસાયટીમાં આવેલ બી.૫૭ના મકાનમાં પહોંચ્યા હતા. જ્યાં પહેલેથી જ અન્ય શખ્સો હાજર હતા. અને પાંચેય વેપારીઓ મકાનમાં પહોંચતા સાથે જ બળવંતજી છગનજી ઠાકોર, મહેન્દ્રસિંગ કાળુસિંહ રાજપૂત, દિનેશભાઈ બાપજી, બાબુબાઈ, લાલાભાઈ અને બે અજાણ્યા શખ્સોએ ધોકા, લાકડીઓ વડે હુમલો કર્યો હતો અને પાંચેય વેપારીઓને બંધી બનાવી રૂ. ૨૦ લાખની માંગણી કરી હતી અને પાંચ વાગ્યા સુધી તેમને માર મારી તેમની પાસે રહેલા સોનાના દાગીના, મોબાઈલ, ઘડીયાળ અને રોકડ સહિત કુલ રૂ. ૬,૯૭,૨૦૦ની લુંટ ચલાવ્યા બાદ સાતેય લુંટારૂઓ ફરાર થઈ ગયા હતા.

# વિજયનગર તાલુકામાં ૩૩ કરોડના વિકાસ કામોનું લોકાર્પણ

હિંમતનગર, તા.૨૪

વિજયનગર તાલુકામાં સાતથી વધુ સ્થાનો પર વિવિધ વિકાસ કાર્યોના લોકાર્પણખાતમુર્હૂત અને કૃષિ મહોત્સવ પ્રસંગે પધારેલા વાહન વ્યવહાર, શ્રમરોજગાર, પાણી પુરવઠા પ્રધાને કલેકટર, જિલ્લા વિકાસ અધિકારીની ઉપસ્થિતિમાં વિવિધ કાર્યક્રમો યોજાયા હતા.

ગતિશીલ વિકાસયાત્રા કાર્યક્રમ અંતર્ગત શુક્રવારે ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિત કુંડલાયાર્ડ ખાતે કૃષિ મહોત્સવ તથા તાલુકાના અન્ય સાત સ્થાનો પર રૂા.૩૩ કરોડના ખર્ચે તૈયાર થનાર અને થયેલ વિકાસ કાર્યોના ખાતમુર્હૂતલોકાર્પણ કાર્યક્રમ રાજયના વાહન વ્યવહાર, શ્રમરોજગાર અને પાણી પુરવઠા પ્રધાન વિજય રૂપાણી, જિલ્લા કલેકટર સ્વરૂપ.પી., જિલ્લા વિકાસ અધિકારી નાગરાજન. એમ., નટવરસિંહજી ભાટી, તાલુકા પંચાયત પ્રમુખ મંજુલાબેન કટારા, તાલુકા વિકાસ અધિકારી જશુભાઈ મોડીયા તથા અધિકારીઓની ઉપસ્થિતિમાં યોજવામાં આવ્યો હતો. આ પ્રસંગે તાલુકાના સરપંચો, તાલુકા સદસ્યો તથા ભાજપ અગ્રણીઓ અને ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

ટાટા મોટર્સની ઓથોરાઈઝ ડીલર
મોર્ડન મોટર્સ
ગુજરાત સરકાર માન્ય
ISO-9001:2008 COMPANY
સુવિધાઓ...
(૧) કોમ્પ્યુટરાઈઝ્ડ વ્હીલ એલાયમેન્ટ બેલેન્સીંગ
(૨) સર્વિસ ગ્રીસીંગ
(૩) મીકેનીકલ રીપેરીંગ
(૪) ઓટો ઈલેક્ટ્રીકલ કામ
(૫) બોડી-કલર કામ (૬) જેન્યુન સ્પેર પાર્ટ
(૭) ટાટા કંપનીના તમામ વાહનોનું રીપેરીંગ કામ સંતોષકારક કરી આપનાર
ઓથોરાઈઝ્ડ સર્વિસ ડીલર
TATA
ઓથોરાઈઝ્ડ ડીલર
Castrol
EXIDE INDUSTRIES LIMITED
BRIDGESTONE PASSION for EXCELLENCE
JK TYRE
ઓથોરાઈઝ્ડ ડીલર :
બ્રીજસ્ટોન, જે.કે. ટાયર-ટ્યુબ, એક્સાઈડ બેટરી, હીન્દુસ્તાન મોટર્સ લી.
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., સેક્ટર-૨૮, કામા મોટર્સની બાજુમાં, ગાંધીનગર-૩૮૨ ૦૨૮
ફોન. : (ઓ) ૦૭૯-૨૩૨૧૧૪૮૫, ફેક્સ : (૦૭૯) ૨૩૨૧૨૬૪૦
મો. : ૯૮૨૫૨ ૬૨૨૯૧, ૯૯૦૪૦ ૪૪૭૦૦

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...
સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ
● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટ્ઝ તેમજ
વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી
એક્સક્લુસિવ શો-રૂમ
AGL TILES WORLD
Radhe ENTERPRISE
પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે,
કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧